# પૂ. લાલચંદભાઈના પ્રવચનો
## પ્રવચન નં :- ૪બ (આ પ્રવચન નં.૪માં ૧૫ મિનિટ પછી ચાલુ થાય છે)
## તા :-૧૭/૮/૮૭ પ્રશ્નોત્તરી તથા તત્ત્વચર્ચા

**This pravachan starts at 15 minutes 58 seconds of online pravachan number 4**

મુમુક્ષુ :- જ્ઞાયક જાણનાર એ દૃષ્ટિનો વિષય છે.

ઉત્તર :- અકર્તા કહો કે જ્ઞાયક કહો. એક જ વાત છે. જ્ઞાયક જે સ્વભાવ છે એ ક્રિયાથી રહિત છે. કોઈપણ પ્રકારની ક્રિયા જ્ઞાયકતત્ત્વમાં નથી. પ્રમત્ત-અપ્રમત્તની દશાઓ તેમાં નથી. જ્ઞાયકને જાણનારું જે જ્ઞાન એ ક્રિયા એ પણ જ્ઞાયકમાં નથી. એટલે કે ખરેખર જ્ઞાનની પર્યાયનો પણ આત્મા કર્તા નથી એવો અકર્તા જ્ઞાયક છે. એ દૃષ્ટિનો વિષય છે.

હવે એવો અકર્તા અને અકારક આત્મા જ્ઞાયક જે છે. એ જ દૃષ્ટિનો વિષય છે. પણ જ્યાં દૃષ્ટિ એ અકર્તા એવા જ્ઞાયકમાં પડે છે, દૃષ્ટિ અને જ્ઞાન. શ્રદ્ધામાં જ્ઞાયક આવે છે અપરિણામી, નિષ્ક્રિય, અકર્તા, ત્યારે જ્ઞાન પણ તેને એ પ્રકારે જાણે છે અને જાણેલાનું શ્રદ્ધાન પણ થાય છે કે, હું તો અકારક અવેદક છું. કોઈ પરિણામનો કરનાર નહીં ને (કોઈ) પરિણામનો ભોગવનાર પણ હું નથી. એમ અકર્તા, અભોકતા તેવો આત્માનો જે ત્રિકાળ સામાન્ય એકરૂપ સ્વભાવ એવો જ્ઞાયક એકરૂપભાવ, ટંકોત્કીર્ણ એક જે જ્ઞાયકભાવ એના ઉપર દૃષ્ટિ પડતાં આત્માને આત્માનો અનુભવ થાય છે. અનુભવમાં એમ આવ્યું કે હું જ્ઞાયક છું. પહેલાં અજ્ઞાનદશામાં એમ આવતું હતું કે હું રાગી છું. હવે એમ આવ્યું કે અરે! હું તો જ્ઞાયક છું. એમ દૃષ્ટિ અને જ્ઞાનમાં આત્માનો અનુભવ થાય છે ત્યારે એ જ્ઞાયક સામાન્ય અપેક્ષાએ અકર્તા હોવા છતાં વિશેષ અપેક્ષાએ કર્તા થાય છે. એટલે શું?

સામાન્ય અપેક્ષાએ અકર્તા હોવા છતાં, જ્ઞાનની પર્યાયનો પણ એ કર્તા નથી એવું સ્વરૂપ હોવા છતાં જ્ઞાન જ્યારે જ્ઞાયકને જાણે છે ત્યારે જ્ઞાયકને જાણવારૂપે જ્ઞાન પરિણમે છે કે હું જ્ઞાયક છું ત્યારે તે આત્મા પોતે પોતાને જાણે છે માટે પોતે કર્તા થયો. અકર્તા રહ્યો અને કર્તા થયો. શું કહ્યું? અકર્તા તો ત્રણેકાળ રહ્યો. અકર્તા કર્તા બનતો જ નથી.

આત્મા એક છે, તેના પડખા બે છે. એક સામાન્ય અને એક વિશેષ. આ પાયાની વાત જ્યાં સુધી જીવને ખ્યાલમાં ન આવે ત્યાં સુધી આત્માને આત્માનો અનુભવ થતો નથી. હવે સામાન્ય પડખેથી વાત કરી કે આત્મા ત્રણેકાળ અકારક અને અવેદક છે. તે બંધ-મોક્ષના પરિણામનો કર્તા નથી. એવો જે ભગવાન જ્ઞાયક ટંકોત્કીર્ણ એક આત્મા છે. એ જ્ઞાયક છે, તે હું છું. જ્યાં જ્ઞાયક છે ત્યાં હું છું. ત્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે આત્મા પરિણમે છે. સર્વથા અપરિણામી અને સર્વથા અકર્તા છે એમ

નથી. અકર્તા હોવા છતાં પણ અકર્તાને જાણનાર જે જ્ઞાન છે તે જ્ઞાનમાં પરિણામ થાય છે. તો એ પરિણામ જયારે જ્ઞાયકને જાણે છે, ત્યારે સામાન્ય અપેક્ષાએ અકર્તા રહેતો થકો, તે વિશેષ અપેક્ષાએ પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે માટે કર્તા પણ બની જાય છે.

કર્તા કેવી રીતે બને છે કે જે જાણનારો તે હું, માટે જાણનારો તે કર્તા અને જણાયો પણ આત્મા, માટે આત્મા કર્મ થઈ ગયું. પર્યાયથી રહિત આત્મા અકર્તા અને પર્યાયથી સહિત આત્મા કર્તા. અને કર્તા અને અકર્તા બેયના વિકલ્પ છૂટે છે, ત્યારે જેમ છે તેમ આત્મા પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે. તો પોતે પોતાને જાણ્યો માટે પોતે કર્તા, જ્ઞાયકને જાણ્યો અને જણાયો પણ જ્ઞાયક માટે જ્ઞાયક પોતે આત્માનું કર્મ થયું, જાણવારૂપે કાર્ય થયું. જણાયો કોણ? કે જ્ઞાયક. આહાહા! જ્ઞાયક જ્યારે જણાયો જાણવારૂપે પરિણમીને તો તેને કાર્ય કહેવામાં આવે છે. કર્મ એટલે કાર્ય થયું. આહાહા! અકર્તા રહ્યો અને કર્તા થયો. એ કર્તા થયો એટલે કે પોતે પોતાને જાણે છે માટે કર્તા અને પોતે જ જણાયો માટે પોતે પોતાનું કાર્ય. એ કર્તા-કર્મનું અનન્યપણું થયું. આહા! કેમકે એ પર્યાય સાપેક્ષ પરિણામી દ્રવ્યનું પડખું થયું. અપરિણામી હોવા છતાં પરિણામી થાય છે કથંચિત્. કથંચિત્ અકર્તા અને કથંચિત્ કર્તા આવો સ્યાદવાદ્ આત્માનો સ્વભાવ છે.

હવે જયારે પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે ત્યારે કર્તા થયો અને કર્તા-કર્મનું અનન્યપણું થયું ત્યારે તેનું નામ ફરી ગયું કે એને એ જ્ઞાયક રહ્યું? એનું એ નામ રહ્યું. નામ એક અને ભાવ બે અંદર. નામ તો જ્ઞાયક જ રહ્યું અપરિણામીનું નામ પણ જ્ઞાયક અને જ્ઞાયક જ્ઞાયકને જાણવારૂપે પરિણમી જાય તોપણ જ્ઞાયક જ છે. બીજો કોઈ નથી. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. અન્ય કાંઈ નથી. આહાહા!

એ આખા ૪૧૫ ગાથાનો સાર એ છઠ્ઠી ગાથામાં છે. અને છઠ્ઠી ગાથાનો સાર એક જ્ઞાયકભાવમાં છે. એક જ્ઞાયકને બે વિવિક્ષાથી જાણતાં પછી બે વિવિક્ષાનો નયપક્ષનો વિકલ્પ છૂટે ત્યારે જ્ઞાયક તો જ્ઞાયક જ છે. આહાહા! એવો આત્માને આત્માનો અનુભવ થાય છે. હું જ્ઞાયક છું એમ જે શ્રધ્ધામાં આવ્યું એ જ્ઞાયક તો અપરિણામી. અને જે જ્ઞાનમાં આવ્યું શુધ્ધનયથી એ પણ અપરિણામી પણ એક બીજો અંશ જ્ઞાનનો પ્રગટ થાય છે પરિણામીને જાણનારો. તો એ જ્ઞાન જાણે છે કે પરિણામી પણ હું અને અપરિણામી પણ હું. કથંચિત્ અપરિણામી અને કથંચિત્ પરિણામી. પરિણામી એટલે પોતે પોતાને જાણવારૂપે પરિણમે એ પરિણામી, પરને જાણવારૂપેની વાત નથી. આહા!

જો ભાઈ! પહેલાં જયારે પરને જાણવાનો નિષેધ કરશે ને? ત્યારે જાણનારો જણાશે. અને જાણનારો જણાશે પછી પર જણાશે શું કહ્યું? પહેલાં પોતાના આત્માને જાણ્યા સિવાય પરને જાણે તેનું નામ અજ્ઞાન અને પોતે પોતાને જાણવારૂપે પરિણમીને પોતાને જાણે અને પછી પરને જાણે તો

વ્યવહાર. પહેલાં પોતાના સ્વભાવને ભૂલી અને જ્ઞેયોને જાણવામાં રોકાણો એ અજ્ઞાન કહેવાય. પણ એ જ્ઞેયથી વ્યાવૃત્ત થઈને, અરે! મને જ્ઞેયો જણાતા નથી. મને તો જ્ઞાન જણાય છે અથવા જ્ઞાયક જણાય છે. એમ જ્યાં જ્ઞાન અંતર્મુખ થયું, જે બર્હિમુખ હતું તેમાં ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થતું હતું તે પર જ્ઞેયની પ્રસિધ્ધિ કરતું હતું. એ જ્ઞાન ત્યાંથી વ્યાવૃત્ત થયું. વ્યાવૃત્ત થયું એટલે કે પાછું ફર્યું. વ્યાવૃત્ત એટલે પાછું ફર્યું અને જ્યાં ઉપયોગ અંદરમાં આવ્યો તો... અરે! હું તો જાણનાર છું. જાણનાર છું. એ જાણનારમાં ક્રિયા નથી.

એક પ્રશ્ન દેવલાલીમાં એક મુમુક્ષુ ભાઈએ કર્યો હતો કે જાણનારો જણાય છે અથવા હું જાણનાર છું એમાં તો જાણે જ્ઞાનની ક્રિયાવાળો આત્મા હોય તેમ ભાસે છે. તો ખરેખર શું છે? કહ્યું કે જાણે છે તે આત્મા નથી અને જણાય છે તે આત્મા છે. એ જે જાણનારો આત્મા છે તે જ્ઞાયક છે. અને જે જાણે છે તે તેની પર્યાય છે. અને પર્યાય જ્યારે જાણનારાને જાણે ત્યારે જાણનારો અને જણાય છે તે જુદું રહેતું નથી. એ અભેદ થઈ જાય છે. તેનું નામ આત્માનો અનુભવ છે.

પ્રકાશ છે સૂર્યનો પ્રકાશ. તેમાં પરપદાર્થ પ્રતિભાસે છે. એમ જ્યાં સુધી સૂર્યના પ્રકાશ દ્વારા એ પૃથ્વી જણાય છે ત્યાં સુધી તે સૂર્ય અને સૂર્યના પરિણામને જાણતો નથી. અચલજી! પણ અરે! આ પૃથ્વી-પૃથ્વી જણાતી નથી. પૃથ્વી જેના દ્વારા પ્રસિધ્ધ થાય છે એ મને તો પ્રકાશ જણાય છે. અરે! હવે તો પ્રકાશ પણ જણાતો નથી. મને તો સૂર્ય જ જણાય છે. ત્યારે તેની નજર ઠેઠ સૂર્ય સુધી જતાં તે વખતે તેને પૃથ્વી જણાતી નથી. પછી પ્રકાશ અને પ્રકાશકને અભેદ કરીને જાણતા, નિશ્ચય આવી ગયો પછી હવે પ્રકાશ દ્વારા પૃથ્વી જણાય છે તો વ્યવહાર. પહેલાં સૂર્યને જાણ્યા સિવાય પૃથ્વી જણાય છે તો અજ્ઞાન-સૂર્ય સંબંધીનું અજ્ઞાન. પછી સૂર્યને જાણે છે તે નિશ્ચય. અને નિશ્ચયપૂર્વક પૃથ્વીને પ્રસિધ્ધ કરે છે તેનું નામ વ્યવહાર.

એમ પહેલાં જાણવાનો નિષેધ કરીને જાણનારને જાણે તો સમ્યગ્જ્ઞાન નિશ્ચય અને પછી પરને જાણે તો તેને વ્યવહાર કહેવામાં આવે છે. પણ પહેલાંથી હું પરને જાણું છું એ તો તેનું અજ્ઞાન છે, ભાઈ! આહા! આ સેટિકામાં કહેશે કે જ્ઞાયક તો જ્ઞાયક છે. એ પરિણામી થયો. પોતે પોતાને જાણ્યો તે પર્યાયનો નિશ્ચય. નામ બદલ્યું નહીં. એક તત્ત્વમાં જ સ્યાદ્વાદ છે. એક આત્મામાં સ્યાદ્વાદ છે. કથંચિત્ અકર્તા અને કથંચિત્ કર્તા, કથંચિત્ અભોકતા અને કથંચિત્ આનંદનો ભોકતા પણ આત્મા છે.

એ આનંદને ભોગવે છે. આનંદને ભોગવે છે તો અભોકતાપણું કાયમ રહ્યું? તો કહે, હા... અરે! આત્મા આનંદને ભોગવે છે એમ કહો છો અને આત્મા અભોકતાપણે રહ્યો છે એ શું? એ જૈન દર્શનની ખૂબી છે. સામાન્ય પડખું અભોકતાપણે રહેતું (અને) વિશેષ પડખામાં એ આનંદને ભોગવે પણ છે. ભોગવે છે અને નથી ભોગવતો એ બેય વિકલ્પ છૂટીને અનુભવ થાય છે. ત્યારે જેમ છે તેમ ચિત્તસ્વરૂપ

જીવ તો ચિત્તસ્વરૂપ છે. કોઇ નયપક્ષ ગ્રહણ કરતો નથી. વાત છે ઝીણી. લોઢા કાપે છીણી. આ એવી વાત છે.

મુમુક્ષુ :- ...........

ઉત્તર :- બસ! ખલાસ! પછી ભોગવે છે કે નથી ભોગવતો એ બેય નયપક્ષના વિકલ્પથી આત્મા વિરામ પામે છે. અને જેમ છે તેમ આત્મા પરિણમતો જાય છે. જ્ઞાન તેને જાણે છે કે ભોગવે છે કે નથી ભોગવતો પછી સવિકલ્પદશામાં આવીને બીજાને સમજાવે છે ત્યારે નયપક્ષથી સમજાવે છે. કે નિશ્ચયથી અભોકતા આનંદનો અને વ્યવહારે આનંદનો ભોકતા પણ છે. આહાહા! એ સામાન્ય પડખું આનંદના અભોકતાપણે અને વિશેષપડખું આનંદને ભોગવે છે. એમ જ્ઞાન અભોકતા અને ભોકતાને બેયને વિકલ્પ વિના અક્રમે અતીન્દ્રિયજ્ઞાનથી જાણે છે.

મુમુક્ષુ :- અતીન્દ્રિયજ્ઞાન કેવી રીતે પ્રગટ થાય?

ઉત્તર :- એ ઈન્દ્રિયજ્ઞાનનો નિષેધ કરે ત્યારે અને ઈન્દ્રિયજ્ઞાનનો નિષેધ કેમ થાય કે હું પરને જાણતો નથી.

મુમુક્ષુ :- પરને જાણવાનું બંધ કરે તો શું જણાય?

ઉત્તર :- પરને જાણવાનું બંધ કરે ત્યારે આત્મા જણાય. કેમકે જાણ્યા વિના તો આત્મા રહેતો જ નથી. હું પરને જાણતો નથી તો જ્ઞાનનો વિષય તો કાંઈકને કાંઈક થશે. પર(વિષય) થતો હતો તેને બદલે સ્વ(વિષય) થઈ જશે. એ જ્ઞાયક જણાય છે તો જ્ઞાયક જણાય છે ત્યારે શું થાય? અતીન્દ્રિય આનંદ આવે. અપૂર્વ, નહીં આવેલો એવો. અતીન્દ્રિય જ્ઞાનથી આત્મા જણાય અનુભવના કાળમાં ત્યારે તેને અતીન્દ્રિય આનંદ આવે. એના ઉપરથી તેને ખબર પડે છે કે સમ્યગ્દર્શન થઈ ગયું. કેમકે આત્મા અસંખ્યાતપ્રદેશી છે એ તો છદ્મસ્થને દેખાતો નથી. એ કેવળીનો વિષય છે. એના માટે મોક્ષમાર્ગપ્રકાશક કર્તાએ દૃષ્ટાંત આપ્યું છે. જેમ આંધળો સાકર ખાય અને દેખતો સાકર ખાય. સાકર તો બેય ખાય છે અને બેયને ગળપણનો સ્વાદ આવે છે. દેખતાને ગળપણનો સ્વાદ આવે અને આંધળો સાકર ખાય તો તેને કડવાસનો અનુભવ થાય? એ તો દેખતો નથી. સાકરની કવોલિટી એક જ છે. સાકર તો મીઠાશગુણથી ગળપણગુણથી ભરેલું દ્રવ્ય છે. એ જીભમાં મૂકે તો તેને ગળપણનો સ્વાદ આવે.

એમ કેવળીભગવાન દેખતા છે. એ આત્માનો અનુભવ કરે છે તો તેને અસંખ્યાતપ્રદેશ પણ જણાય છે અને છદ્મસ્થ આંધળો છે. કેવળજ્ઞાન નથી. પણ તે શ્રુતજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરે છે. ભલે પ્રદેશ ન દેખાય આત્માના પ્રત્યક્ષ પણ તેને આનંદનો સ્વાદ આવે છે દેડકાને હરણીયાને, બોલો! દેડકાને અને હરણીયાને સમ્યગ્દર્શન થાય છે. દેડકાને ને હરણીયાને સમ્યગ્દર્શન થાય તો મનુષ્યને થાય કે ન થાય? થાય જ. આહાહા! પોતાના ઘરમાં જાય ત્યારે બેલ મારીને મે આઈ કમીંગ

સર? એમ કોઇ પૂછે પોતાના ઘરમાં જાય ત્યારે? તો તેને પાગલ કહે. તમે તમારા ઘરમાં જાવ છો અને તમે પૂછો છો કે હું ઘરમાં આવું? કોઈને પૂછવાનું ન હોય. તેમ પોતે પોતાને જાણવા જાય અંદરમાં તો કોઈની મંજૂરી લેવાની જરૂર નથી. ભગવાનને ન પૂછે કે હું હવે તને જાણવા આવું છું.

ભગવાન હવે મને તને જાણવાનો ભાવ જાગ્યો છે. આજ સુધી જાગ્યો નહીં. માટે હું આપને જાણું? એમ પૂછવાની જરૂર નથી. પોતે ભગવાન છે અને ભગવાનને જાણતાં ભગવાન થઇ જાય છે. આહાહા! આ બે દોષ છે. પરને કરું અને પરને જાણું એ મહાદોષ છે. એક રાગને કરું અને રાગને જાણું, પરિણામને કરું અને પરિણામને જાણું (મહાદોષ છે.) આહાહા! જાણનાર છે તેમાં કરવાનું નથી ભાઇ! આત્મા જ્ઞાનને કરે છે એ પણ ઉપચાર છે. આત્મા રાગને કરે છે એ તો અજ્ઞાન છે.

આત્માનો અનુભવ કેમ થાય એવો પ્રશ્ન અનાદિકાળથી પૂછાતો આવે છે અને શ્રી ગુરુ તેનો ઉત્તર આપતાં આવે છે. અને ઉત્તરથી સમાધાન થતાં બીજા જીવોને અનુભવ પણ થાય છે. આવી પરંપરા ભારતમાં છે. પ્રશ્ન છે કે પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે એ વખતે રાગ-દ્વેષથી ભિન્ન પોતાના શુધ્ધાત્માનો અનુભવ કેમ થાય છે? એવો એક પ્રશ્ન છે. તો તેનો ઉત્તર એવો છે કે, એ રાગ-દ્વેષના પરિણામ છે તે આસ્રવતત્ત્વ છે. તે જ્ઞાયક જીવતત્ત્વના સ્વભાવમાં તેનો અભાવ છે. એટલે જીવની સન્મુખ જયાં જીવ થાય છે ત્યાં એકલો જ્ઞાયક છું એવો અનુભવ થાય છે. પણ હું રાગી છું તેવો અનુભવ થતો નથી. કેમકે રાગના પરિણામ પર્યાયમાં રહી જાય છે, દ્રવ્ય સુધી આવતાં નથી. એ જ્ઞાન અંતરસન્મુખ થતાં એ રાગથી ભિન્ન આત્માની અનુભૂતિ થાય છે. ત્યાં આચાર્યભગવાને એમ ઉત્તર આપ્યો, શિષ્યએ કહ્યું કે વર્તમાનમાં મોહ, રાગ, દ્વેષના પરિણામ તો છે. તો આવા કાળે આત્માનો અનુભવ કેમ થાય?

ત્યારે તેનો એક ટૂંકો ઉત્તર એમ આપે છે કે તે અભૂતાર્થ હોવાથી આત્માનો અનુભવ થઇ શકે છે. રાગ-દ્વેષના પરિણામ અભૂતાર્થ હોવાથી, થવાથી નહીં, હોવાથી. એનો અર્થ હમણાં કરશું. અભૂતાર્થ હોવાથી એટલે આત્માના સ્વભાવમાં એનું હોવાપણું નથી. અ, ભૂત અને અર્થ, અભૂતાર્થ એટલે અ, ભૂત અને અર્થ. અ એટલે નહીં, ભૂત એટલે હોવાપણું, અર્થ એટલે ભાવ. એ જે રાગનો ભાગ છે એ આત્માના સ્વભાવમાં પ્રવેશતો નથી, તે તો ઉપર ઉપર બહાર રહી જાય છે. અંતરમગ્ન એ ઉપયોગ જયારે જ્ઞાયકની સન્મુખ થાય છે ત્યારે એ જ્ઞાન અને આનંદનો અનુભવ આવે છે. રાગ ને રાગની આકુળતાનું વેદન તે વખતે આવતું નથી. કેમકે આત્મા આસ્રવથી ભિન્ન છે. એક વસ્તુ બીજી વસ્તુની નથી.

હમણાં મોટરમાં આવતાં મેં બેનનો અવાજ સાંભળ્યો કે એક વસ્તુ બીજી વસ્તુની નથી. ઉપયોગમાં ક્રોધાદિ નથી, ઉપયોગમાં ઉપયોગ છે. તેથી એકલા ઉપયોગનો સ્વાદ આવે છે પણ ક્રોધનો સ્વાદ આવતો નથી. મુદ્દાનો પ્રશ્ન છે આ કે સંસારી જીવને વર્તમાનમાં રાગ-દ્વેષ તો થાય છે. એ વખતે

રાગ-દ્વેષથી રહિત આત્માનો અનુભવ કેમ થાય? આત્મામાં રાગ નથી માટે આત્માનો અનુભવ થાય. તો તેમાં છે તેનો અનુભવ થાય. છે શું આત્મામાં? જ્ઞાન અને આનંદ. માટે જ્ઞાન અને આનંદનો અનુભવ આવે છે અને રાગનો અનુભવ થતો નથી. અંતર્મુખ થવું જોઈએ તેણે.

મુમુક્ષુ :- રાગ-દ્વેષના પરિણામ તો ચારિત્રગુણની વિકારી પર્યાય છે અને જ્ઞાનગુણનું પરિણમન તો સ્વતંત્ર છે.

ઉત્તર :- એ જ્ઞાન છે ને તે રાગથી ભિન્ન પાડીને આત્માને પકડી લ્યે છે. એવી જ્ઞાનની તાકાત છે. એ ઇન્દ્રિયજ્ઞાન હતું એ ચારિત્રની પર્યાયને જાણતું હતું તે ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ થઈને નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. તે અતીન્દ્રિયજ્ઞાનમાં અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્મા જણાય છે. એ ઇન્દ્રિયવાળો હું છું તેમ જાણવામાં આવતું નથી. હું રાગી છું તેમ જાણવામાં આવતું નથી. રાગથી ભિન્ન આત્માનો અનુભવ થઈ શકે છે. એમ સમયસારની ૧૪મી ગાથામાં કહ્યું છે પાંચ બોલથી કે પાંચે ભાવનો આત્મામાં અભાવ છે. ૧, કર્મના બંધનો અભાવ છે. ૨, ગુણભેદનો અભાવ છે. ૩, સંયોગી રાગનો પણ અભાવ છે. ૪, અગુરુલઘુગુણની પર્યાય પ્રગટ થાય છે તેનો પણ આત્મામાં અભાવ છે. ૫, નર-નારક આદિ પર્યાયની ગતિનો પણ આત્મામાં અભાવ છે. પાંચભાવનો અભાવ હોવાથી પંચમ પારિણામિકભાવવાળો ભગવાનઆત્મા એ દૃષ્ટિમાં અને અનુભવમાં આવે છે. એનું નામ ધર્મની શરૂઆત છે.

પાપથી તો ધર્મ થતો નથી પણ પુણ્યના પરિણામથી પણ ધર્મ થતો નથી. અને શાસ્ત્રજ્ઞાનથી આત્મા જણાતો નથી. શું કહ્યું? પુણ્યથી તો ધર્મ થતો નથી અને શાસ્ત્રજ્ઞાનથી આત્મા જણાતો નથી. આહાહા! પુણ્યથી ધર્મ થતો નથી. કેમ? કે પુણ્યના પરિણામ એ આસ્રવતત્ત્વ મલિનભાવ છે, રાગ છે. જેનાથી બંધ થાય તેનાથી મોક્ષ થઈ શકે નહીં. માટે પુણ્યથી ધર્મ થતો નથી.

પછી શાસ્ત્રજ્ઞાનથી આત્મજ્ઞાન થતું નથી. કેમકે શાસ્ત્ર સન્મુખનું જ્ઞાન એ તો ઇન્દ્રિયજ્ઞાન છે. એ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા જણાતો નથી. જે જ્ઞાન શાસ્ત્રને પ્રસિદ્ધ કરે છે તે જ્ઞાન આત્માને તિરોભૂત કરે છે. આ પંડિતોની ભૂલ, પુણ્યથી ધર્મ થાય એ સમાજની ભૂલ અને શાસ્ત્રથી જ્ઞાન થાય એ વિદ્વાનની ભૂલ. શાસ્ત્રથી આત્મજ્ઞાન ન થાય. ભલે આત્માના અનુભવ પહેલાં શાસ્ત્ર નિમિત્તરૂપે હોય પણ નિમિત્તના લક્ષવાળું જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરતું નથી. આત્માને તિરોભૂત કરે છે. એ પંદરમી ગાથા(સમયસાર)માં છે. જ્ઞેયાકારજ્ઞાનનો આવિર્ભાવ-સામાન્યજ્ઞાનનો તિરોભાવ. જ્ઞેયના સંબંધવાળું જે જ્ઞાન પ્રગટ થાય છે, શાસ્ત્રના લક્ષવાળું જ્ઞાન પ્રગટ થાય છે તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. એનાથી જુદું જ્ઞાન છે. એનાથી જુદું એક નવું જ્ઞાન પ્રગટ થાય છે. જે અનંતકાળથી નહીં પ્રગટેલું નવું (પ્રગટે છે.)

ઉપયોગમાં ઉપયોગ છે એવું અવિપરીત જ્ઞાન પ્રગટ થાય ત્યાં શુદ્ધઉપયોગ પ્રગટ થાય છે.

શુધ્ધઉપયોગમાં આત્માના દર્શન થાય તેને સંવર કહેવામાં આવે છે. એ વાત તો રોજ ચાલે છે.

મુમુક્ષુ :- દેશનાલબ્ધિથી આત્માનું જ્ઞાન થાય?

ઉત્તર :- દેશનાલબ્ધિથી આત્માનું જ્ઞાન ન થાય. આત્માનું જ્ઞાન દેશનાલબ્ધિનું લક્ષ છોડીને એ જ્ઞાન અંતરસન્મુખ થાય અને આત્માનો અનુભવ કરે ત્યારે તેને દેશનાલબ્ધિથી આત્માનું જ્ઞાન થયું એમ ઉપચારથી વ્યવહારથી કહેવામાં આવે. જયાં સુધી દેશનાલબ્ધિ ઉપર લક્ષ છે ત્યાં સુધી આત્માનો અનુભવ ન આવે. તેનું લક્ષ છોડે, સાક્ષાત તીર્થંકર પરમાત્માની દિવ્યધ્વનિ સાંભળે છે કે તું શુધ્ધાત્મા છો. એમ વાણીમાં આવ્યું. વાણીની સન્મુખતાવાળું જે જ્ઞાન છે એ ઇન્દ્રિયજ્ઞાન છે. ત્યાંથી એ જ્ઞાન છૂટે છે અને એ જ્ઞાન (જયારે) અંતરમા આવે ત્યારે અનુભવ થાય છે ત્યારે દેશનાલબ્ધિથી સમ્યગ્દર્શન થયું એમ ઉપચારથી વ્યવહારથી કહેવામાં આવે છે. એવો વ્યવહાર છે ખરો. પણ વ્યવહાર કયારે કહેવાય? કે આત્માનો અનુભવ કર્યા પછી એને વ્યવહાર કહેવાય. આત્માનો અનુભવ ન કરતો હોય તો દેશનાલબ્ધિમાં રોકાય ગયો. એને દેશનાલબ્ધિથી સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં આવતું નથી. સમ્યગ્દર્શન થાય ત્યારે પણ તેને જિનવાણીને તેનાથી આત્મજ્ઞાન થયું એમ વ્યવહાર કરવામાં આવે છે. એવો પૂર્વભૂમિકામાં વ્યવહાર હોય પણ છે. શાસ્ત્રસન્મુખથી જાણે છે શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી. એમ જયાં વાણી સાંભળે કે શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી આત્મજ્ઞાન તે જ્ઞાન છે ત્યાં તો અંદરમાં આવી જાય છે. ત્યારે શાસ્ત્રથી જ્ઞાન થયું એમ ઉપચારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનના પ્રદેશો અને રાગના પ્રદેશો સર્વથા ભિન્ન છે?

ઉત્તર :- હા. સર્વથા ભિન્ન છે. બધું ભિન્ન છે. વ્યવહારનયથી જોવામાં આવે તો રાગ જીવના પ્રદેશમાં થાય છે. પણ નિશ્ચયનયે જોવામાં આવે તો એ જીવના ક્ષેત્રમાં રાગ થતો નથી. જીવના ક્ષેત્રમાં ચેતના હોવાથી જ્ઞાન જ થાય છે અને રાગ થતો નથી. પ્રદેશ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે. બીજે થાય છે મારામાં નહીં. એ બીજાના ક્ષેત્રમાં છે. આહાહા! એ જેમાં બાવળના કાંટા ઉગે તે ખેતર મારું નથી. ચંદનના વૃક્ષ જેમાં ઉગે તે ખેતર મારું છે. આહાહા! એ શીતળતાનું ખેતર મારું છે. એ જેમાં આકુળતા ઉત્પન્ન થાય તે મારું ખેતર નથી. એમ ખેતર ખેડવા જેવું નથી. આહાહા! સ્યાદ્વાદથી જેમ છે તેમ સમજવું જોઈએ.

રાગ વ્યવહારનયે જીવના પરિણામ અને નિશ્ચયનયે એ પુદ્ગલના પરિણામ અને જો સૂક્ષ્મદષ્ટિથી જોવામાં આવે તો રાગ નથી જીવના પરિણામ કે નથી પુદ્ગલના પરિણામ. અવસ્તુ થઈ ગઈ. મિથ્યાત્વ ગયું. મિથ્યાત્વના પરિણામ ગયા પછી મિથ્યાત્વના પરિણામ કથંચિત્ જીવના કે કથંચિત્ પુદ્ગલના? કોના કહેશો? છે જ નહીં તો કોના કહેવા? હોય ત્યાં સુધી કથંચિત્.

આ તો દષ્ટાંત છે કોઈએ ગભરાવા જેવું નથી. એક બહારગામની વાત કહું છું. આ આપણે

અત્યારે હિંમતનગરની વાત નથી. હિંમતનગરનો બનાવ નથી. બહારગામની વાત કરું છું. માતા-પિતાને એક નો એક પૂત્ર હતો. તે ગુજરી ગયો. હતો ત્યાં સુધી તો કહેવાય. કે કથંચિત્ દેવદત્તનો પુત્ર અને કથંચિત્ દેવદત્તાનો પૂત્ર. હોય ત્યાં સુધી. ગુજરી ગયા પછી? છે જ નહીં. કોનો દીકરો? એમ પૂર્ણ વીતરાગદશા પ્રગટ થઈ ગઈ. રાગ છે જ નહીં પછી કથંચિત્ કયાં રહ્યું? આહાહા!

મુમુક્ષુ :- વ્યવહારનયથી આત્મા અનંતગુણોથી સહિત છે. છતાં પણ પરિણામથી સહિત માનવો તે મિથ્યાત્વ છે.

ઉત્તર :- આત્મા અનંતગુણોથી સહિત છે. છતાં તેને પર્યાયથી સહિત માનવો તે મિથ્યાત્વ છે. અનંતગુણથી સહિત છે એ તો વાસ્તવિક છે. ગુણી છે આત્મા. પણ... એ તો નિત્ય છે, ધ્રુવ છે. પણ એના જે પરિણામ થાય છે એ પરિણામથી હું સહિત છું. એમ માને તો તેને દષ્ટિનો વિષય હાથમાં ન આવ્યો. એને શ્રદ્ધાનો વિષય બનાવ્યો માટે મિથ્યાત્વ છે. કેમ કે પરિણામથી સહિત માનતાં પરિણામનો તો અભાવ થાય છે તો એ પરિણામ મારા છે અને એ પરિણામ ગયા તો આકુળતા થશે. પરિણામ આવો કે પરિણામ જાવ હું તો અનંતગુણાત્મક ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું. આહાહા!

પરિણામ આવો કે પરિણામ જાવ. પરિણામ ઉપજે કે પરિણામ વીણસે. તે મારી ચીજ નથી. હું તો એક અવિનાશી તત્ત્વ છું. એમ દ્રવ્ય ઉપર દષ્ટિ પડતાં પરિણામ પ્રગટ થાય છે. અને નાશવાન પરિણામને જ્ઞાન જાણે છે. અવિનાશીને જાણતાં જાણતાં નાશવાન પરિણામને જાણે છે તો તેને આકુળતા થતી નથી. દ્રવ્ય ઉપર દષ્ટિ પડતાં પરિણામ તો થાય. અને પરિણામને જ્ઞાન જાણે કે આવે ને જાય છે. ઉત્પાદ અને વ્યય થાય છે તેને માત્ર જ્ઞાન જાણે છે. પણ તેમાં તેની આત્મબુધ્ધિ થતી નથી. આત્મબુધ્ધિ એકમાં છે જ્ઞાન બેનું. આશ્રય એકનો અને જ્ઞાન બેનું. આશ્રય એકનો અને જ્ઞાન અનંતનું.

આશ્રય એકનો અને જ્ઞાન અનંતગુણની અનંત પર્યાય થાય તેને જ્ઞાન જાણે છે. એકનો આશ્રય હોવાથી તે અનંતપર્યાયને જાણે એમ કહેવું તે વ્યવહાર છે. એકને જ્ઞાન જાણે તેમ કહેવું તે નિશ્ચય છે. એકને જાણતાં અનંત જણાય જાય છે. અને એકને જાણ્યા વિના એકપણ જણાતું નથી. એકને જાણ્યા વિના એક પણ જણાતું નથી, બે પણ જણાતું નથી અને અનંત પણ કાંઈ જણાતું નથી. એ તો અજ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- સાહેબ! શાસ્ત્રમાં ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્‌ને દ્રવ્યનું લક્ષણ કહ્યું છે.

ઉત્તર :- હા. એ દ્રવ્યનું લક્ષણ છે. એ પદાર્થનું એવું સ્વરૂપ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવયુકતમ સત્, એમાં પદાર્થની સિધ્ધિ થાય છે પણ તેમાં પ્રયોજનની સિધ્ધિ થતી નથી. પ્રયોજનની સિધ્ધિ તો એ પ્રમાણજ્ઞાનમાંથી પછી શુધ્ધનયનો વિષય કાઢે કે ઉત્પાદવ્યયથી રહિત એવો ધ્રુવ પરમાત્મા હું છું એમ ધ્રુવ ઉપર દષ્ટિ લગાવતાં એને આત્માનો અનુભવ થાય છે. અને અનુભવના કાળે ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્‌નું

જ્ઞાન થાય છે. ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્‌નું જ્ઞાન થવા છતાં અજ્ઞાન નથી. અને ધ્રુવને જાણ્યા વિના ઉત્પાદવ્યયધ્રુવને જાણે અને શ્રદ્ધાનો વિષય બનાવે તો એ મિથ્યાદર્શન છે. ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્‌ (એવા) પદાર્થના જ્ઞાન સુધી (જીવ) અનંતવાર આવ્યો પણ તેમાં પ્રયોજનની સિદ્ધિ ન થઈ. (તે) પ્રમાણનો વિષય છે. પ્રમાણનો વિષય પૂજય નથી. કેમ કે તેમાં નિશ્ચયનયનું નિરૂપણ આવ્યું અને વ્યવહારનયનું પણ તેમાં નિરૂપણ આવી જાય છે. એટલે તેમાં નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ ન આવ્યો માટે પ્રમાણ પૂજય નથી. નય કરતાં પ્રમાણનો વિષય વધારે હોવા છતાં પણ પૂજય નથી. અને નિશ્ચયનયનો વિષય એક હોવાથી પૂજય છે.

મુમુક્ષુ :- ધ્રુવપર્યાય અને પ્રત્યભિજ્ઞાન તેનું સ્પષ્ટીકરણ કરવા વિનંતી.

ઉત્તર :- ધ્રુવપર્યાય અને પ્રત્યભિજ્ઞાન. ધ્રુવપર્યાય. એક તો જાણે સિદ્ધપર્યાયને પણ ધ્રુવ અને અચળ કહી છે. પર્યાયને ધ્રુવ કેમ કીધી કે ફરીથી સિદ્ધ ભગવાન સંસારમાં આવતાં નથી. માટે એ સિદ્ધપર્યાયને પણ ધ્રુવપર્યાય કહેવામાં આવે છે. બીજું એક કારણશુદ્ધપર્યાય છે તે ધ્રુવ છે. કારણશુદ્ધપર્યાય છે તે પણ ધ્રુવ છે. એ પણ કારણશુદ્ધપર્યાય અવિનાશી છે. એક વાત. અને બીજું પ્રત્યભિજ્ઞાન એટલે શું કે એક વખત જાણેલાનું ફરી ફરી જ્ઞાન થાય તેને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે.

જેમ કે એક વખત હિંમતનગરનું જ્ઞાન થયું કે આ હિંમતનગર છે અને તમે ગયા મુંબઇ તોપણ હિંમતનગરનું જ્ઞાન ફરી ફરીને થાય તેને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. જાણેલાં પદાર્થને ફરી ફરીને જાણવો તેને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. એમ સાધકને એક વખત શુદ્ધાત્મા જાણવામાં આવ્યો એ જ આત્માને, એવા જ આત્માને એ સાધક ફરી ફરીને જાણે છે તો તેને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. જાણેલાં પદાર્થને ફરી ફરી વારંવાર એ જ પદાર્થને જાણવો, કે જે જાણવામાં આવ્યા તે જ આ ભાઈ છે. કાલ જે જાણ્યા હતા તે જ આ ભાઈ છે. એમ જે ગઈ કાલે જાણ્યું અને આજે જાણ્યું તેને જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- તેને ધ્રુવપર્યાય કહેવાય?

ઉત્તર :- ના, ધ્રુવપર્યાય નહીં. જાણેલાનું જ્ઞાન, દ્રવ્યને જાણતું.. દ્રવ્યને જાણ્યું અને જાણેલાનું જ્ઞાન થયું તેને પ્રત્યભિજ્ઞાન કહેવાય. આહાહા! એક મનુષ્ય પર્યાય છે, એક જીવને મનુષ્યપર્યાય છે, તે પર્યાયનું જ્ઞાન થયું તમને, તમે કીધું કે આ ભાઈનું નામ શું છે? દલીચંદભાઈ! દલીચંદભાઈને ગઈકાલે મળ્યા હતા. તો આજે દલીચંદભાઈ પાછા મળે ને તો એ તો પર્યાય છે તો પર્યાયનું જ્ઞાન ફરી ફરીને થાય તેને પણ પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. આ કોણ છે ભાઈ કે કાલે નીકળ્યા હતા તેના તે જ છે. તેમાં કાંઈ ફેરફાર નથી. ટોપી બદલી ગઈ હોય પણ ભાઈ તો તેના તે જ છે. કાલે જે જોયા તે તેના તે જ છે. આહાહા!

મુમુક્ષુ :- ઉપયોગમાં ઉપયોગ છે તો આ ઉપયોગમાં અને બીજા ઉપયોગમાં શું તફાવત છે?

ઉત્તર :- ઉપયોગમાં ઉપયોગ છે. એમાં બહુ તફાવત છે. જે પહેલો ઉપયોગ શબ્દ છે તે સામાન્ય ઉપયોગ છે. તેમાં અશુધ્ધઉપયોગ પણ ન લેવો અને શુધ્ધઉપયોગ પણ ન લેવો. જેમ તત્ત્વાર્થસૂત્રમાં ઉપયોગલક્ષણ કહ્યું છે ને તો તે ઉપયોગલક્ષણ છે તે ઉપયોગમાં આબાળ-ગોપાળ સહુને ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે તેને ઉપયોગ કહેવાય. બધા અજ્ઞાની પ્રાણીને પણ ઉપયોગલક્ષણમાં ઉપયોગવાન જ્ઞાયકઆત્મા જણાય રહ્યો છે. તે ઉપયોગમાં ઉપયોગ છે તે સામાન્ય છે. પણ તે ઉપયોગમાં ક્રોધાદિ નથી. આવું જેને ભેદજ્ઞાન થાય કે ઉપયોગમાં તો આત્મા જ છે. તેથી મને આત્મા જણાય છે અને ક્રોધાદિ જણાતા નથી. એમ અંતરસન્મુખ થયો ઉપયોગ ત્યાં એ ઉપયોગનું નામ શુધ્ધઉપયોગ થયું. એ શુધ્ધઉપયોગનું નામ સંવર છે. અને ઉપયોગનું નામ આસ્ત્રવ પણ નથી અને સંવર પણ નથી. સામાન્ય ઉપયોગ.

મુમુક્ષુ :- શુધ્ધઉપયોગ એ ચારિત્ર ગુણની પર્યાય છે?

ઉત્તર :- શુધ્ધઉપયોગ છે તે જ્ઞાનગુણની પર્યાય છે. પણ સાથે શુધ્ધતાનો ઉપચાર આવ્યો માટે તે ચારિત્રગુણની પર્યાય થઈ. શુધ્ધતા કે અશુધ્ધતા.. શ્રધ્ધાગુણની અને ચારિત્રગુણની પર્યાયની અપેક્ષાએ છે. ઉપયોગ તો ઉપયોગ જ છે. ઉપયોગ તો શુધ્ધ પણ નથી અને અશુધ્ધ પણ નથી. એ તો જાણવું જાણવું જાણવું થાય છે. પણ જયારે અંતરસન્મુખ થાય અને મિથ્યાત્વ જાય અને ચારિત્રમાં અનંતાનુબંધી કષાયની ચોકડી પણ જાય. ત્યારે તે ઉપયોગને શુધ્ધઉપયોગ કહેવામાં આવે છે. એ ઉપયોગમાં મિથ્યાત્વનો સ્વાદ આવતો નથી અને અનંતાનુબંધી ચારિત્રના દોષનો પણ સ્વાદ આવતો નથી. એકલો વીતરાગભાવનો સ્વાદ આવે છે. તો તેને શુધ્ધઉપયોગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- તેને તો અનુભૂતિ કહી છે.

ઉત્તર :- અનુભૂતિ કહેવાય. અનુભૂતિ કહેવાય અને તેને આત્મા પણ કહેવાય. અનુભૂતિ એ જ્ઞાનની જ અવસ્થા છે. એક અપેક્ષાએ અનુભૂતિને ચારિત્રની અપેક્ષાએ તેને ચારિત્રની પર્યાય કહી છે શ્રીમદ્‌રાજચંદ્રજીએ. ત્રણ શબ્દો વાપર્યા છે. લક્ષ, પ્રતીતિ અને અનુભવ. લક્ષ તે જ્ઞાનની પર્યાય, પ્રતીતિ તે શ્રધ્ધાની પર્યાય અને અનુભૂતિ તે ચારિત્રની પર્યાય. એમ જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ. એ પ્રકરણ અનુસાર અર્થ સમજી લેવો. અનુભવ લક્ષ પ્રતીત. એવા ત્રણ શબ્દ વાપર્યા છે. અનુભવ એટલે ચારિત્રની અપેક્ષાએ કહ્યું. અનુભવ પછી લક્ષ જ્ઞાનની પર્યાય અને પ્રતીત તે શ્રધ્ધાની પર્યાય. થઈ ગયો વખત.

**સમાપ્ત.**